**ક્રમાંક–૧**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**પાંચમું સત્ર**
**સોમવાર, તા. ૯મી ડિસેમ્બર, ૨૦૧૯**

માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષસ્થાને સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું.
(સભાગૃહની બેઠકની શરૂઆત ''વંદેમાતરમ્'' રાષ્ટ્રગીતની ધૂન બજાવી કરવામાં આવી)

૧. **શોકદર્શક ઉલ્લેખો**

માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. શ્રી દિલીપભાઇ રમણલાલ પરીખ તથા પૂર્વ મંત્રી સ્વ.શ્રી વિઠ્ઠલભાઇ હંસરાજભાઇ રાદડિયા, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી ડાહ્યાભાઇ પીતાંબરદાસ પટેલ, સ્વ.શ્રી વ્રજલાલ ગીરધરભાઇ ધાણક અને સ્વ.શ્રી ગોપાલભાઇ ગાભાભાઇ ધુઆના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, શ્રી શૈલેષભાઇ પરમાર, શ્રી રાઘવજીભાઇ પટેલ, શ્રી વિરજીભાઇ ઠુમ્મર, ડો. આશાબેન પટેલ, શ્રી વાસણભાઇ આહીર, ડો. સી.જે. ચાવડાએ સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પણ આ શોકદર્શક ઉલ્લેખમાં પોતાનો સૂર પૂરાવ્યો અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ સભ્યશ્રીઓએ ઉભા થઇને બે મિનિટ મૌન પાળ્યું.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સ્વર્ગસ્થોના કુટુંબીજનોને ગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

૨. **સભાગૃહની પ્રથમ બેઠક મુલતવી રાખવા અંગે**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમાએ પૂર્વ મુખ્યમંત્રીશ્રી સ્વ. દિલીપભાઇ પરીખના માનમાં સભાગૃહની પ્રથમ બેઠકનું બાકીનું કામકાજ મુલતવી રાખવા અંગેનો પ્રસ્તાવ રજૂ કરતા, વિરોધપક્ષના સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે તેને સમર્થન કરતા તદ્અનુસાર માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની પ્રથમ બેઠક મુલતવી રાખી.

**સભાગૃહ, બીજી બેઠક માટે બપોરના ૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે**
**બપોરના ૧૨.૫૭ વાગ્યે મુલતવી રહ્યું.**

**બીજી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૨.૦૦ વાગ્યે ફરી મળ્યું.**

૧. **તારાંકિત પ્રશ્નોત્તરી**

સોમવાર, તા. ૯મી ડિસેમ્બર, ૨૦૧૯ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨,૩,૪ અને ૬ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સભાગૃહમાં અનુપસ્થિત સભ્યશ્રીનો પ્રશ્ન અગ્રતાક્રમ–૫ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૭થી ૩૦૫ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૩–૦૦ કલાકે પૂરો થયો.

૨ **પોઇન્ટ ઓફ ઓર્ડર**

વિરોધપક્ષના નેતાશ્રી પરેશ ધાનાણી તથા સભ્યશ્રી શૈલેષ પરમારે આજની પ્રશ્નોત્તરીના અગ્રતા ક્રમ–૭ના પ્રશ્નનો જવાબ છેલ્લી ઘડીએ સુધાર્યો હોવાનું જણાવી પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો.

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સરકારને છેલ્લી ઘડી સુધી જવાબ સુધારવાનો અધિકાર છે તેમ જણાવ્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ પણ સરકાર ગમે ત્યારે જવાબમાં સુધારો કરી શકે છે તેમ જણાવી પોઇન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો.

૩. **તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

સભ્યશ્રી પુંજાભાઇ વંશે નિયમ–૧૧૬ અન્વયે ''તાજેતરમાં અમદાવાદમાં બોપલ ખાતેની ડીપીએસ ઇસ્ટ સ્કૂલ દ્વારા ખોટી NOC રજૂ કરી માન્યતા મેળવેલ હોવાનું બહાર આવતા આ શાળા અનિશ્ચિત મુદત સુધી બંધ કરવાથી આ શાળામાં ભણતાં વિદ્યાર્થીઓના અભ્યાસ પર ગંભીર અસર થઇ છે અને વાલીઓ નવી શાળાઓમાં પ્રવેશ મેળવવા માટે મુંઝવણ અનુભવી રહ્યા છે ત્યારે આ શાળા સંચાલકો સામે યોગ્ય કાર્યવાહી કરી વિદ્યાર્થીઓના ભણતરને અસર ન થાય અને લોકોમાં ફેલાયેલ ભય અને રોષની લાગણી દૂર કરવા'' અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય શિક્ષણ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૪. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

(૧) સન ૨૦૧૯નો વટહુકમ ક્રમાંક–૧–સન ૨૦૧૯નો ગુજરાત સૂક્ષ્મ (Micro), લઘુ તથા મધ્યમ ઉદ્યોગ સાહસોના (સ્થાપન અને કામગીરી સરળ બનાવવા) બાબત વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૨) ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમાર**

(૩) ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૭–૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**માનનીય વન મંત્રીશ્રી ગણપતસિંહ વસાવા**

(૪) ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૧૭–૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૫) ગુજરાત રાજય નાણાકીય નિગમનો સન ૨૦૧૭–૧૮ના વાર્ષિક હિસાબો પરનો ઓડિટ અહેવાલ

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૬) નાણા વિભાગના સન ૨૦૧૭ના ગુજરાત માલ અને સેવા કર અધિનિયમ અન્વયેના આ સાથેના પત્રકમાં જણાવ્યા મુજબના કુલ–૪૧ જાહેરનામા તેમજ આ જાહેરનામા પૈકી ક્રમાંક ૧ થી ૧૫ ઉપરના જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

૧) (GHN-૩૧)/GSTR-૨૦૧૮(૧૯)TH, DATE ૦૭-૦૩-૨૦૧૮
૨) (GHN-૧૧)/GSTR-૨૦૧૯/S, ૧૬૪ (૩૭) TH DATE ૨૯-૦૧-૨૦૧૯
૩) (GHN-૧૬)/GSTR-૨૦૧૯/(૩૮)TH, DATE ૦૬-૦૨-૨૦૧૯
૪) (GHN-૨૫)/GST-૨૦૧૯)/S, ૧૦(૧)(૫)TH DATE ૦૭-૦૩-૨૦૧૯
૫) (GHN-૩૦)/GSTR-૨૦૧૯/S, ૧૬૪ (૩૯)TH, DATE ૨૯-૦૩-૨૦૧૯
૬) (GHN-૩૨)/GST-૨૦૧૯/S, ૯(૧)(૨૨)TH, DATE ૩૦-૦૩-૨૦૧૯
૭) (GHN-૪૩)/GST-૨૦૧૯/S,૧૪૮ (૧૫)TH, DATE ૨૪-૦૪-૨૦૧૯
૮) (GHN-૪૫)/GST-૨૦૧૯/S, ૧૭૨ (૧૦)TH, DATE ૨૪-૦૪-૨૦૧૯
૯) (GHN-૪૬)/GST-૨૦૧૯-S,૯ (૧)(૨૫)TH, DATE ૨૯-૦૪-૨૦૧૯
૧૦) (GHN-૫૫)/GSTR-૨૦૧૯/S, ૧૬૪ (૪૨)TH, DATE ૨૪-૦૬-૨૦૧૯
૧૧) (GHN-૫૬)/GST-૨૦૧૯/S, ૧૪૮(૧૬)TH, DATE ૨૮-૦૬-૨૦૧૯
૧૨) (GHN-૫૭)/GST-૨૦૧૯/S, ૧૪૮ (૧૭)TH, DATE ૨૮-૦૬-૨૦૧૯
૧૩) (GHN-૫૮)/GSTR-૨૦૧૯/S, ૧૬૪(૪૩)TH, DATE ૨૮-૦૬-૨૦૧૯
૧૪) (GHN-૫૯)/GST-૨૦૧૯/S, ૧૭૨ (૧૧)TH, DATE ૨૮-૦૬-૨૦૧૯
૧૫) (GHN-૬૦)/GST-૨૦૧૯/S, ૫૫ (૩)TH, DATE ૦૧-૦૭-૨૦૧૯
૧૬) (GHN-૬૫)/GSTR-૨૦૧૯/S, ૧૬૪ (૪૪)TH, DATE ૧૮-૦૭-૨૦૧૯
૧૭) (GHN-૬૬)/GST-૨૦૧૯/S, ૧૪૮ (૧૮)TH, DATE ૧૮-૦૭-૨૦૧૯

૧૮) (GHN-૬૮)/GST-૨૦૧૯/S, ૧૪૮(૧૯)TH, DATE ૨૯-૦૭-૨૦૧૯
૧૯) (GHN-૬૯)/GST-૨૦૧૯/S, ૧૧(૧)(૪૪)TH, DATE ૩૧-૦૭-૨૦૧૯
૨૦) (GHN-૭૦)/GST-૨૦૧૯/S, ૯ (૧)(૨૭)TH, DATE ૩૧-૦૭-૨૦૧૯
૨૧) (GHN-૭૪)/GSTR-૨૦૧૯/S, ૧૬૪ (૪૫)TH, DATE ૨૦-૦૮-૨૦૧૯
૨૨) (GHN-૭૬)/GST-૨૦૧૯/S ૧૭૨(૧૨)TH, DATE ૨૭-૦૮-૨૦૧૯
૨૩) (GHN-૭૮)/GST-૨૦૧૯/S, ૯ (૧)(૨૮)TH, DATE ૩૦-૦૮-૨૦૧૯
૨૪) (GHN-૭૯)/GST-૨૦૧૯/S, ૧૪૮ (૨૦)TH, DATE ૦૩-૦૯-૨૦૧૯
૨૫) (GHN-૮૦)/GST-૨૦૧૯/S, ૧૨૮(૧૫)TH, DATE ૩-૦૯-૨૦૧૯
૨૬) (GHN-૮૩)/GST-૨૦૧૯/S, ૧૧ (૧)(૪૫)TH, DATE ૩૦-૦૯-૨૦૧૯
૨૭) (GHN-૮૪)/GST-૨૦૧૯/S, ૧૧ (૧)(૪૬)TH, DATE ૩૦-૦૯-૨૦૧૯
૨૮) (GHN-૮૫)/GST-૨૦૧૯/S, ૧૧ (૧)(૪૭)TH, DATE ૩૦-૦૯-૨૦૧૯
૨૯) (GHN-૮૬)/GST-૨૦૧૯/S, ૧૧ (૧)(૪૮)TH, DATE ૩૦-૦૯-૨૦૧૯
૩૦) (GHN-૮૭)/GST-૨૦૧૯/S, ૧૧ (૧)(૪૯)TH, DATE ૩૦-૦૯-૨૦૧૯
૩૧) (GHN-૮૯)/GST-૨૦૧૯/S, ૯ (૧)(૨૯)TH, DATE ૩૦-૦૯-૨૦૧૯
૩૨) (GHN-૯૧)/GST-૨૦૧૯/S, ૯ (૩)(૧૪)TH, DATE ૩૦-૦૯-૨૦૧૯
૩૩) (GHN-૯૨)/GST-૨૦૧૯/S, ૯ (૪)(૨)TH, DATE ૩૦-૦૯-૨૦૧૯
૩૪) (GHN-૯૩)/GSTR-૨૦૧૯/S, ૧૬૪ (૪૬)TH, DATE ૩૦-૦૯-૨૦૧૯
૩૫) (GHN-૯૫)/GST-૨૦૧૯/S, ૭(૨) (૩)TH, DATE ૩૦-૦૯-૨૦૧૯
૩૬) (GHN-૯૬)/GST-૨૦૧૯/S, ૧૦(૧)(૬)TH, DATE ૩૦-૦૯-૨૦૧૯
૩૭) (GHN-૯૭)/GST-૨૦૧૯/S, ૧૪૮(૨૧)TH, DATE ૩૦-૦૯-૨૦૧૯
૩૮) (GHN-૯૮)/GST-૨૦૧૯/S, ૧૪૮(૨૨)TH, DATE ૧૦-૧૦-૨૦૧૯
૩૯) (GHN-૯૯)/GST-૨૦૧૯/S, ૧૪૮(૨૩)TH, DATE ૧૦-૧૦-૨૦૧૯
૪૦) (GHN-૧૦૦)/GST-૨૦૧૯/S, ૧૨૮(૧૬)TH, DATE ૧૦-૧૦-૨૦૧૯
૪૧) (GHN-૧૦૨)/GST-૨૦૧૯/S, ૧૭૨(૧૩)TH, DATE ૧૦-૧૦-૨૦૧૯

(૭) ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ, ૧૯૭૨ હેઠળના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના તા. ૨૩/૮/૨૦૧૯ના જાહેરનામા ક્રમાંકઃ જીએચયુ–૨૦૧૯–(૫૭)–જીયુવી–૧૧૨૦૧૦–૨૮૬૧–ક(પાર્ટ–૨)

**માનનીય ઊર્જામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૮) સન ૨૦૦૩ના ભારતીય વીજ અધિનિયમ અન્વયેના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા તા. ૩૦/૯/૨૦૧૯ના રોજ બહાર પાડવામાં આવેલા '' ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને ઓમ્બુડસમેન વિનિયમો, ૨૦૧૯–જાહેરનામા નં ૨/૨૦૧૯

**માનનીય ઊર્જામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

**૫. અનુમતિ મળેલ વિધેયકો**

સચિવશ્રીએ, તેરમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં અને ચૌદમી ગુજરાત વિધાનસભાના ત્રીજા અને ચોથા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૮ અને સન ૨૦૧૯ના વિધેયક ક્રમાંક–૨, ૪ અને ૧૦ તથા ચોથા સત્રમાં પસાર કરેલાં અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવા સન ૨૦૧૯ના વિધેયક ક્રમાંક–૧૧, ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭ અને ૩૬ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

**૬. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

**(૧) કામકાજ સલાહકાર સમિતિના છઠ્ઠા અહેવાલની રજૂઆત**

માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો છઠ્ઠો અહેવાલ વાંચીને રજૂ કર્યો.

**(૨) જાહેર હિસાબ સમિતિના બીજા અહેવાલની રજૂઆત**

જાહેર હિસાબ સમિતિના માનનીય પ્રમુખશ્રી પુંજાભાઇ વંશે સમિતિનો બીજો અહેવાલ રજૂ કર્યો.

**૭. માનનીય રાજ્ય કક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના રા.ક.ના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના છઠ્ઠા અહેવાલ સાથે સંમત થાય.''

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**૮. માનનીય શિક્ષણ મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે '' આ સભાગૃહ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ–૧૯૭૨ની કલમ ૩(૨) વર્ગ–ખ ચૂંટાયેલા સભ્યો, પેટા કલમ–૧૦ની જોગવાઇ મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર ગુજરાત વિધાનસભાના એક સભ્યશ્રીની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે. ''

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

૯. **માનનીય સહકાર મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

સહકાર મંત્રીશ્રી ઇશ્વરસિંહ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે ‘‘ આ સભાગૃહ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ–૧૫૬(૧)(૫) મુજબ ગુજરાત રાજ્ય સહકારી પરિષદ ઉપર ગુજરાત વિધાનસભાના એક સભ્યશ્રીની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે. ’’

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

૧૦. **માનનીય પંચાયત મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

પંચાયત મંત્રીશ્રી જયદ્રથસિંહજી પરમારે પ્રસ્તાવ રજૂ કર્યો કે ‘‘ આ સભાગૃહ સને ૧૯૯૩ના ગુજરાત પંચાયત અધિનિયમની કલમ–૨૬૬ની પેટા કલમ–૧(ગ)ના ખંડ–(૬) મુજબ રાજ્ય પંચાયત પરિષદ ઉપર ગુજરાત વિધાનસભાના એક સભ્યશ્રીની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે. ’’

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

૧૧. **માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય સહકારી પરિષદ, રાજ્ય પંચાયત પરિષદ તથા હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની કોર્ટ ઉપર ખાલી પડેલ એક–એક જગ્યા ઉપર ગુજરાત વિધાનસભાના પ્રતિનિધિઓની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી.

૧૨. **સંવિધાન દિવસની ઉજવણી પ્રસંગે માનનીય મુખ્યમંત્રીશ્રીનો પ્રસ્તાવ**

ભારતના બંધારણને તા. ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના દિવસે બંધારણ સભા દ્વારા અપનાવવામાં આવેલ હોઇ ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ દર વર્ષે ૨૬મી નવેમ્બરને સંવિધાન દિવસ તરીકે ઉજવવાનું જાહેર કરેલ. આ સંદર્ભમાં ભારતના સંવિધાનને વફાદાર રહી ભારતની એકતા અને અખંડિતતાનું સમર્થન કરવા તથા તેનું રક્ષણ કરવા કટિબદ્ધતા વ્યકત કરતો પ્રસ્તાવ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧)શ્રી પરેશભાઇ ધાનાણી (વિરોધપક્ષના નેતાશ્રી) (પ્રવચન અધૂરું)

**વિરામ સાંજના ૪–૦૦ થી ૪–૩૦**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી પરેશભાઇ ધાનાણીએ તેમનું અધૂરું રહેલું પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૨)શ્રી નીતિનભાઇ પટેલ (માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી) (પ્રવચન અધૂરું)

૧૩. **સભ્યશ્રીના સસ્પેન્શન બાબત**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના વકતવ્ય દરમ્યાન સભ્યશ્રી જીગ્નેશભાઇ મેવાણીએ અશોભનીય રીતે કેટલાક ઉચ્ચારણો કરતા અધ્યક્ષશ્રી દ્વારા તેમને વારંવાર ચેતવણી આપી અને ઠપકો આપી તાકીદ કરવા છતાં સભ્યશ્રીની વર્તણૂંકમાં ફેરફાર ન થતાં માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી જીગ્નેશભાઇ મેવાણીને સભાગૃહમાંથી બહાર લઇ જવાનો સાર્જન્ટને આદેશ કર્યો.

ત્યારબાદ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ સભ્યશ્રી દ્વારા અધ્યક્ષશ્રી સામે અપમાનજનક રીતે વર્તન કરવામાં આવેલ હોવાનું જણાવી સભાગૃહમાંથી તેમને ત્રણ દિવસ માટે સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો, જેને સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સમર્થન કરતા પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

તદ્અનુસાર સભ્યશ્રી જીગ્નેશભાઇ મેવાણીને સભાગૃહની કાર્યવાહીમાંથી ત્રણ દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા.

૧૪. **સંવિધાન દિવસની ઉજવણી પ્રસંગે માનનીય મુખ્યમંત્રીશ્રીનો પ્રસ્તાવ (ક્રમશઃ)**

ત્યારબાદ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે તેમનું અધૂરું રહેલું પ્રવચન પૂરું કર્યું ત્યારબાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૩) શ્રી અમિતભાઇ ચાવડા
(૪) શ્રી પ્રદિપસિંહ જાડેજા(રાજ્યકક્ષાના ગૃહમંત્રીશ્રી)
(૫) શ્રી શૈલેષભાઇ પરમાર
(૬) શ્રી પુંજાભાઇ વંશ
(૭) શ્રી ગણપતસિંહ વસાવા
(૮) ડો. અનિલ જોષિયારા

**૧૫. સભાગૃહનો સમય લંબાવવા અંગે**

મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ, સંવિધાન દિવસની ઉજવણીનો પ્રસ્તાવ તથા વિધેયકો પરની ચર્ચા તથા મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવાની દરખાસ્ત રજૂ કરતાં, વિપક્ષના દંડકશ્રી અશ્વિનભાઇ કોટવાલે ટેકો આપતા અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો.

**૧૬. સંવિધાન દિવસની ઉજવણી પ્રસંગે માનનીય મુખ્યમંત્રીશ્રીનો પ્રસ્તાવ (ક્રમશઃ)**

ત્યારબાદ સભ્યશ્રી ડો. અનિલભાઇ જોષિયારાએ તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યું ત્યારબાદ નીચેના સભ્યશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

(૯) શ્રી ઇશ્વરભાઇ પરમાર (સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી)

માનનીય અધ્યક્ષશ્રીએ પણ ઉક્ત પ્રસ્તાવ ઉપર પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યા બાદ પ્રસ્તાવ મત પર મૂકવામાં આવતાં તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**૧૭. સરકારી વિધેયકો**

(૧) ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૩૪–સન ૨૦૧૯નું ગુજરાત સૂક્ષ્મ (Micro), લઘુ તથા મધ્યમ ઉદ્યોગ સાહસો (સ્થાપન અને કામગીરી સરળ બનાવવા બાબત) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યુ.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી શૈલેષભાઇ પરમાર
(૨) શ્રી કનુભાઇ દેસાઇ
(૩) ડો. અનિલ જોષિયારા
(૪) શ્રી બ્રિજેશ મેરજા
(૫) શ્રી સુખરામભાઇ રાઠવા
(૬) શ્રી જગદીશ વિશ્વકર્મા
(૭) શ્રી હિંમતસિંહ પટેલ

ચર્ચાનો જવાબ માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ થી ૧૩, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૧૩, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૨) માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૩૫–સન ૨૦૧૯નું ગુજરાત વિદ્યુત શુલ્ક (દ્વિતીય સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યુ.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી શિવાભાઇ ભૂરિયા
(૨) ડો. સી.જે. ચાવડા
(૩) શ્રી ગોવિંદભાઇ પટેલ
(૪) શ્રી ઋષિકેશ પટેલ
(૫) ડો. કીરીટકુમાર પટેલ

ચર્ચાનો જવાબ માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**સભાગૃહ, મંગળવાર તા.૧૦મી ડિસેમ્બર, ૨૦૧૯ના બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે રાત્રીના ૮.૪૬ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૯મી ડિસેમ્બર, ૨૦૧૯**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**ક્રમાંક–ર**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**પાંચમું સત્ર**
**મંગળવાર, તા. ૧૦મી ડિસેમ્બર, ૨૦૧૯**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળ્યું.**

૧. **તારાંકિત પ્રશ્નોત્તરી**

મંગળવાર, તા. ૧૦મી ડિસેમ્બર, ૨૦૧૯ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫ અને ૬ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

૨. **માલદીવ પાર્લમેન્ટરી ડેલિગેશનના આગમન અંગે જાહેરાત**

પ્રશ્નોત્તરીકાળ દરમ્યાન બપોરના ૧૨.૫૫ કલાકે માલદીવ પાર્લમેન્ટરી ડેલિગેશન ગૃહની કાર્યવાહી નિહાળવા અધ્યક્ષ ગેલેરીમાં આવતા, માનનીય અધ્યક્ષશ્રીએ ગૃહને તે વાતથી અવગત કરી, શાબ્દીક સ્વાગત કર્યું.

૩. **તારાંકિત પ્રશ્નોત્તરી (ક્રમશઃ)**

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૭થી ૩૫૦ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ કલાકે પૂરો થયો.

૪. **પોઇન્ટ ઓફ ઓર્ડર**

સભ્યશ્રી પુંજાભાઇ વંશે માનનીય મુખ્યમંત્રીશ્રીના વિભાગોના અગ્રતાક્રમાંક–૫૨ અને ૨૧૭ ઉપરના પ્રશ્નોના જવાબ આપવાનો વારો જૂથ–૧માં હોવા છતાં પ્રશ્નોનો સમાવેશ જૂથ–રમાં કરવા બાબતનો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું. માનનીય અધ્યક્ષશ્રીએ આ બાબતનું વિગતવાર રૂલીંગ તેઓ પછી આપશે તેમ જણાવ્યું.

૫. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

(૧) ગુજરાત હાઉસીંગ બોર્ડ અને સ્લમ કલીયરન્સ સેલનું સન ૨૦૧૯–૨૦નું અંદાજપત્રક તથા ગુજરાત હાઉસીંગ બોર્ડના સન ૨૦૧૬–૧૭ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન.

**શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૨) નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબનો સન ૨૦૧૬–૧૭ના વર્ષનો નગરપાલિકાઓનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન.

**શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

૬. **સરકારી વિધેયકો**

(૧) માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૩૧–સન ૨૦૧૯નું ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યુ.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી પરેશભાઇ ધાનાણી(વિરોધપક્ષના નેતાશ્રી)
(૨) શ્રી અરવિંદકુમાર ગો.પટેલ
(૩) શ્રી લલીત વસોયા
(૪) શ્રી પૂર્ણેશ મોદી
(૫) શ્રી લલીતભાઇ કગથરા (પ્રવચન અધૂરું)

**(વિરામ – બપોરના ૨.૩૦થી ૩.૦૦)**

વિરામ બાદ માનનીય સભ્યશ્રી લલીતભાઇ કગથરાએ પોતાનું અધૂરું રહેલ વક્તવ્ય પૂર્ણ કર્યું.

ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ થી ૨૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૨૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

૭. **દિવસના કામકાજની યાદીમાં દર્શાવેલ કામકાજના ક્રમમાં ફેરફાર કરવા બાબત.**

માનનીય અધ્યક્ષશ્રીએ, માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલની વિનંતીને ધ્યાનમાં રાખીને તેમના ઘેર સામાજિક પ્રસંગ હોવાથી તેમના વિધેયક ક્રમાંક–૩૨નો અગ્રતાક્રમ–પના બદલે અગ્રતાક્રમ–૨ પર ચર્ચા માટે હાથ ધરવાની માનનીય અધ્યક્ષશ્રીને વિનંતી કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ વિનંતી ગ્રાહ્ય રાખી, કામકાજની યાદીમાં ક્રમાંક–૩(પ) સામે દર્શાવેલ વિધેયકની ચર્ચા હાથ ધરવા આદેશ કર્યો.

૮. **સરકારી વિધેયકો (ક્રમશઃ)**

(૨) માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલે, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૩૨–સન ૨૦૧૯નું ગુજરાત જમીન મહેસૂલ (તૃતીય સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી ડો.સી.જે.ચાવડા
(૨) શ્રી ઋષિકેશ પટેલ
(૩) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૪) શ્રી સી.કે.રાઉલજી
(૫) શ્રી બળદેવજી ઠાકોર
(૬) શ્રી વલ્લભભાઇ કાકડીયા
(૭) શ્રી પ્રતાપ દૂધાત

ચર્ચાનો જવાબ માનનીય મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

૯. **પોઇન્ટ ઓફ ઓર્ડર અંગેના માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયની જાહેરાત**

આજ તા.૧૦મી ડિસેમ્બર ૨૦૧૯ના રોજ સભ્યશ્રી પુંજાભાઇ વંશે જૂથ–૧ના પ્રશ્નોના જવાબો જૂથ–૨માં આપવા સંબંધે પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરેલ. જેના અનુસંધાને માનનીય અધ્યક્ષશ્રીએ વિભાગ દ્વારા અન્ય વિભાગને પ્રશ્ન તબદીલ કરાયો ત્યારે બેલેટ થઇ ગયેલ હોઇ, કોઇ સભ્યશ્રી તેમના પ્રશ્નના જવાબથી વંચિત ન રહી જાય તેવા શુભ હેતુથી જ અન્ય મંત્રીશ્રીના વારાની પ્રશ્નોત્તરીમાં તેમણે સભ્યશ્રીના પ્રશ્નો ચાલુ રાખેલ હતા અને મંત્રીશ્રીઓને આ પ્રશ્નોના જવાબ આપવાની ફરજ પાડવામાં આવી હતી તેમ જણાવી પોઇન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો.

વધુમાં માનનીય અધ્યક્ષશ્રીએ વિધાનસભાના ક્ષેત્રાધિકારને લગતી બાબતો અંગે સભ્યશ્રીઓને ગૃહમાં મુદ્દા ઉઠાવવાને બદલે તેમને તેમની ચેમ્બરમાં મળીને રજૂઆત કરવા બાબતના પુરોગામી અધ્યક્ષોના નિર્ણયો અંગે સભાગૃહનું ધ્યાન દોરી તત્કાલીન અધ્યક્ષોએ આ બાબતે નારાજગી પણ વ્યક્ત કરેલ એમ જણાવી ભવિષ્યમાં આ બાબતની કાળજી રાખવા સર્વે સભ્યોને જણાવ્યું.

૧૦. **સરકારી વિધેયકો (ક્રમશઃ)**

(૩) માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૩૦–સન ૨૦૧૯નું ગુજરાત રાજ્ય ઉચ્ચ શિક્ષણ પરિષદ (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યુ.

૧૧. **સભાગૃહના કામકાજમાં ફેરફાર તથા સમય લંબાવવા બાબત.**

મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ આજના કામકાજની યાદીના વિધેયક ક્રમાંક–૩૩ અને વિધેયક ક્રમાંક–૩૬ને તા.૧૧–૧૨–૨૦૧૯ના રોજ ચર્ચા માટે હાથ ધરવા અને વિધેયક ક્રમાંક–૩૦ ઉપરની ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠક લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કરતાં વિપક્ષના સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે સંમતિ આપતા માનનીય અધ્યક્ષશ્રીએ તે પ્રમાણે ઠરાવ્યું.

૧૨. **સરકારી વિધેયકો (ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

| | |
|---|---|
| (૧) શ્રી કીરીટકુમાર પટેલ | (૩) શ્રી બાબુભાઇ વાજા |
| (૨) શ્રી કુબેરભાઇ ડીંડોર | (૪) ડો.આશાબેન પટેલ |

ચર્ચાનો જવાબ માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ થી ૪, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૪, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**સભાગૃહ, બુધવાર તા.૧૧મી ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૬.૦૦ કલાકે મુલતવી રહ્યું.**

| | |
|---|---|
| **ગુજરાત વિધાનસભા સચિવાલય,** | **ડી.એમ.પટેલ** |
| **ગાંધીનગર.** | **સચિવ,** |
| **તા. ૧૦મી ડિસેમ્બર, ૨૦૧૯** | **ગુજરાત વિધાનસભા.** |

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**પાંચમું સત્ર**
**બુધવાર, તા. ૧૧મી ડિસેમ્બર, ૨૦૧૯**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

બુધવાર, તા. ૧૧મી ડિસેમ્બર, ૨૦૧૯ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૨, ૩ અને ૪ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

**૨. સભાત્યાગ**

માનનીય મંત્રીશ્રી આર.સી.ફળદુ પ્રશ્ન અગ્રતાક્રમ–૪ પરના પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા ત્યારે વિરોધપક્ષના સભ્યશ્રીઓ સતત સૂત્રોચ્ચાર કરતા કરતા વેલમાં ધસી આવતા અને બેસી જતા માનનીય અધ્યક્ષશ્રીએ તમામ સભ્યશ્રીઓને પોતાનું સ્થાન લેવાની અને શાંતિ જાળવવાની વારંવાર વિનંતી કરી.

ત્યારબાદ વિરોધપક્ષના સભ્યશ્રીઓ સતત સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

ત્યારબાદ માનનીય મંત્રીશ્રી આર.સી.ફળદુએ પ્રશ્નનો જવાબ પૂરો કર્યો.

**૩. પ્રશ્નોત્તરી(ક્રમશઃ)**

સભાગૃહમાં અનુપસ્થિત રહેલ સભ્યશ્રીનો પ્રશ્ન અગ્રતાક્રમ–૧ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૫ થી ૩૩૩ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧૧.૦૦ કલાકે પૂરો થયો.

**૪. અતારાંકિત પ્રશ્નોત્તરી**

માનનીય અધ્યક્ષશ્રીએ પહેલી, બીજી, ત્રીજી, ચોથી અને પાંચમી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકી.

**૫. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

(૧) (ક) ભારતના ક્રોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના સન ૨૦૧૭–૧૮ના વર્ષનો ઓડિટ અહેવાલ(આર્થિક ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ખ) ભારતના ક્રોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના સન ૨૦૧૭–૧૮ના વર્ષનો ઓડિટ અહેવાલ (મહેસૂલ ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી)

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીવતી શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા**

(૨) અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો સન ૨૦૧૮–૨૦૧૯નો વાર્ષિક વહીવટી અહેવાલ

**માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપભાઇ ઠાકોર**

(૩) સાબરમતી એકસપ્રેસ ટ્રેનના એસ–૬ કોચને આગ લગાડવાના બનાવની તપાસ માટે રાજ્ય સરકારે નીમેલ જસ્ટિસ નાણાવટી અને જસ્ટિસ મહેતા તપાસ પંચનો અહેવાલ ભાગ–૨ તથા આ અહેવાલ પર લીધેલાં પગલાંની વિગતો

**માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા**

(૪) જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧૫–૧૬નો ઓડિટ અહેવાલ, તેના ઉપર લેવાયેલ પગલાનું નિવેદન તથા વાર્ષિક હિસાબ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના કૃષિ મંત્રીશ્રી જયદ્રથસિંહજી પરમાર**

(૫) નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબનો સન ૨૦૧૬–૨૦૧૭ના વર્ષનો ગ્રામ પંચાયતોનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવા અંગેનું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના કૃષિ મંત્રીશ્રી જયદ્રથસિંહજી પરમાર**

(૬) રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩ અન્વયેના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના તા.૨૯/૦૭/૨૦૧૯ના જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/

૨૦૧૯/૮/પીડીએસ/૧૦૨૦૧૭/૯૨૨૮૨/ક–૧

**માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જયેશભાઇ રાદડીયા**

**૬. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

**(૧) અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રથમ અહેવાલની રજૂઆત**

અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતના માનનીય પ્રમુખશ્રી પ્રદિપભાઇ પરમારે સમિતિનો પ્રથમ અહેવાલ રજૂ કર્યો.

**(૨) અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિના ત્રીજા અને ચોથા અહેવાલની રજૂઆત**

અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રી મોહનભાઇ ઢોડિયાએ સમિતિનો ત્રીજો અને ચોથો અહેવાલ રજૂ કર્યો.

**૬. પૂજ્ય મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી પ્રસંગે માનનીય મુખ્યમંત્રીશ્રીનો પ્રસ્તાવ**

સત્ય અને અહિંસાના પૂજારી, યુગપુરુષ, મહામાનવ એવા પૂજ્ય ગાંધીજીએ ''હિંદ છોડો'' જેવા નારાથી બ્રિટિશ સલ્તનતની ગુલામીમાંથી ભારત દેશને મુક્ત કરી દેશને આઝાદી અપાવી. તેવા રાષ્ટ્રપિતા પૂજ્ય મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી સંદર્ભમાં આ સભાગૃહ તેઓને નતમસ્તક કોટી કોટી વંદન કરે છે. તે મુજબનો પ્રસ્તાવ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ રજૂ કર્યો,

ત્યારબાદ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ પ્રસ્તાવ ઉપર પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી શૈલેષભાઇ પરમાર

(૨) શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ( માનનીય શિક્ષણ મંત્રીશ્રી)

(૩) શ્રી પુંજાભાઇ વંશ

**(વિરામ બપોરના ૧૨.૦૦થી ૧૨.૩૦)**

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

(૪) શ્રી જીતેન્દ્ર વાઘાણી

(૫) ડો.સી.જે.ચાવડા

(૬)શ્રી ઇશ્વરસિંહ પટેલ (રાજ્યકક્ષાના માનનીય સહકાર મંત્રીશ્રી)

(૭) શ્રી લાખાભાઇ ભરવાડ

(૮) શ્રી બાબુભાઇ બોખીરીયા

(૯) શ્રી ઋત્વિકભાઇ મકવાણા

(૧૦) શ્રીમતી મનીષા વકીલ

(૧૧) શ્રી કનુભાઇ બારૈયા

(૧૨) શ્રી કુબેરભાઇ ડીંડોર

(૧૩) શ્રી વિક્રમભાઇ માડમ

(૧૪)શ્રી સુરેશભાઇ પટેલ

(૧૫) શ્રી પરેશભાઇ ધાનાણી (માનનીય વિરોધપક્ષના નેતાશ્રી)

(૧૬) શ્રી પિયુષભાઇ દેસાઇ

માનનીય અધ્યક્ષશ્રીએ પ્રસ્તાવના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું. ત્યારબાદ પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો. ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પૂજ્ય મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જયંતિની ઉજવણી પ્રસંગે કરવામાં આવેલા પ્રવચનોમાં અશોભનીય ઉચ્ચારણોને અહેવાલમાંથી દૂર કરવાની સભાગૃહને જાણકારી આપી.

**૮. સભાગૃહનો સમય લંબાવવા બાબત.**

સભાગૃહનો સમય પૂરો થવા આવતા મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ આજના દિવસના કામકાજની યાદીમાં દર્શાવેલ તમામ કામકાજ પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કરતાં વિપક્ષના દંડકશ્રી અશ્વિનભાઇ કોટવાલે સંમતિ આપતા માનનીય અધ્યક્ષશ્રીએ તદ્અનુસાર સભાગૃહનો સમય લંબાવ્યો.

**૯. સરકારી વિધેયકો**

(૧) માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૩૬–સન ૨૦૧૯નું ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યુ.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી કીરીટકુમાર પટેલ

(૨) ડો.નીમાબેન આચાર્ય

(૩) શ્રી બ્રિજેશ મેરજા

(૪) શ્રીમતી સંગીતાબેન પાટીલ

(૫) ડો. અનિલ જોષિયારા

(૬) શ્રી ગુલાબસિંહ રાજપૂત

ચર્ચાનો જવાબ માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ થી ૯, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૯, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૨) માનનીય રાજ્ય કક્ષાના સહકાર મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલે, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૩૩–સન ૨૦૧૯નું ગુજરાત સહકારી મંડળી (દ્વિતીય સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી વિરજીભાઈ ઠુમ્મર

(૨) શ્રી બાબુભાઈ પટેલ

(૩) શ્રીમતી ગેનીબેન ઠાકોર

(૪) શ્રી રમણભાઈ પટેલ

(૫) શ્રી જશુભાઈ પટેલ (પ્રવચન અધૂરું)

**(વિરામ સાંજના ૪.૩૦થી ૫.૦૦)**

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

## ૧૦. ૬૪મી કોમનવેલ્થ કોન્ફરન્સમાં માનનીય અધ્યક્ષશ્રીના પ્રતિનિધિત્વ સંબંધમાં પ્રશંસાત્મક ઉલેખ

રાજ્ય કક્ષાના સંસદીય બાબતોના માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ ગુજરાત વિધાનસભાના માનનીય અધ્યક્ષશ્રીએ યુગાન્ડા ખાતે યોજાયેલ ૬૪મી સીપીસીમાં સભ્યશ્રી શૈલેષભાઈ પરમાર તથા શ્રી વિવેકભાઈ પટેલ સાથે ભાગ લીધેલ હતો તે બાબતનો ઉલેખ કરી ગુજરાત રાજ્યની વર્ષ ૧૯૬૦માં સ્થાપના થયા બાદ પહેલી વખત આ કોન્ફરન્સમાં માનનીય અધ્યક્ષશ્રીને કોન્ફરન્સના બે વર્કશોપની ચર્ચામાં પેનલ પર સ્થાન મળ્યાના સન્માન બાબતે ગુજરાત રાજ્ય ધન્યતા અનુભવી તેમને અભિનંદન પાઠવે છે તેમ જણાવ્યું.

ત્યારબાદ સભ્યશ્રી શૈલેષભાઈ પરમારે પણ તેમને થયેલ અનુભવ બાબતે સભાગૃહને જાણકારી આપી માનનીય અધ્યક્ષશ્રીને અભિનંદન પાઠવ્યા. તદુપરાંત સભ્યશ્રી નૌશાદ સોલંકીએ પણ માનનીય અધ્યક્ષશ્રીને અભિનંદન પાઠવ્યા.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ આ સન્માન મારું નહીં પરંતુ સમગ્ર ગુજરાત રાજ્યનું છે તેમ જણાવ્યું.

## ૧૧. સરકારી વિધેયકો (ક્રમશઃ)

સભ્યશ્રી જશુભાઈ પટેલે તેમનું અધૂરું રહેલ વક્તવ્ય પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૬) શ્રી લલીતભાઈ કગથરા

(૭) શ્રી શીવાભાઈ ભુરીયા

ચર્ચાનો જવાબ રાજયકક્ષાના માનનીય મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ અને ૩, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ અને ૩, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૩) માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૩૭–સન ૨૦૧૯નું સ્ટેચ્યૂ ઓફ યુનિટી વિસ્તાર, વિકાસ અને પ્રવાસન નિયમન વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૨) શ્રી અભેસિંહ તડવી
(૩) શ્રી પ્રેમસિંહ વસાવા
(૪) શ્રી શૈલેષભાઇ મહેતા
(૫) ડો.સી.જે.ચાવડા
(૬) શ્રી અનંતકુમાર પટેલ
(૭) શ્રી નરેશભાઇ પટેલ
(૮) ડો. અનિલ જોષિયારા
(૯) શ્રી જીતેન્દ્ર સુખડીયા
(૧૦) શ્રી સુખરામભાઇ રાઠવા
(૧૧) શ્રી આનંદભાઇ ચૌધરી
(૧૨) શ્રી કુબેરભાઇ ડીંડોર
(૧૩) શ્રી નૌશાદ સોલંકી

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ આદિવાસીઓને અન્યાય ન થાય તે રીતે આ વિસ્તારનો વિકાસ થાય તેવું સરકારશ્રીને સૂચન કરી પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

**૧૨. સભાત્યાગ**

વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ આદિવાસીઓની નવી જમીન સંપાદન નહીં થાય તેવી સરકાર ખાતરી આપે અને જે સ્ટેચ્યૂ ઓફ યુનિટીમાં આવક થાય તેમાં આદિવાસીઓને ભાગીદાર બનાવવામાં આવે અથવા તો રોયલ્ટી નક્કી કરવા અને તેના સત્તા મંડળમાં સ્થાનિક સંસદસભ્ય અને ધારાસભ્યનો સમાવેશ કરવા બાબતે રજૂઆત કરતાં કરતાં કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી પ્રવિણભાઇ મુસડીયા સિવાયના હાજર રહેલ તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.

**૧૩. સરકારી વિધેયકો(ક્રમશઃ)**

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ અને ૩ મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.
કલમ–૨ અને ૩ વિધેયકનો ભાગ બની.

**કલમ–૪ ઉપરનો સુધારો**

મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ કલમ–૪ ઉપરનો તેમનો સુધારા ક્રમાંક–૧ રજૂ કર્યો.
ત્યારબાદ સુધારા ક્રમાંક–૧ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.
ત્યારબાદ સુધારેલી કલમ–૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.
સુધારેલી કલમ–૪ વિધેયકનો ભાગ બની.

**કલમ–૫ ઉપરનો સુધારો**

મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ કલમ–૫ ઉપરનો તેમનો સુધારા ક્રમાંક–૨ રજૂ કર્યો.
ત્યારબાદ સુધારા ક્રમાંક–૨ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.
ત્યારબાદ સુધારેલી કલમ–૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.
સુધારેલી કલમ–૫ વિધેયકનો ભાગ બની.
કલમ–૬ થી ૮ મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.
કલમ–૬ થી ૮ વિધેયકનો ભાગ બની.

**કલમ–૯ ઉપરનો સુધારો**

મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ કલમ–૯ ઉપરનો તેમનો સુધારા ક્રમાંક–૩ રજૂ કર્યો.
ત્યારબાદ સુધારા ક્રમાંક–૩ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.
ત્યારબાદ સુધારેલી કલમ–૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.
સુધારેલી કલમ–૯ વિધેયકનો ભાગ બની.
કલમ–૧૦ થી ૧૩ મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.
કલમ–૧૦ થી ૧૩ વિધેયકનો ભાગ બની.

**કલમ–૧૪ ઉપરનો સુધારો**

મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ કલમ–૧૪ ઉપરનો તેમનો સુધારા ક્રમાંક–૪ રજૂ કર્યો.
ત્યારબાદ સુધારા ક્રમાંક–૪ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.
ત્યારબાદ સુધારેલી કલમ–૧૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.
સુધારેલી કલમ–૧૪ વિધેયકનો ભાગ બની.

**કલમ–૧૫ ઉપરનો સુધારો**

મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ કલમ–૧૫ ઉપરનો તેમનો સુધારા ક્રમાંક–૫ રજૂ કર્યો.
ત્યારબાદ સુધારા ક્રમાંક–૫ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.
ત્યારબાદ સુધારેલી કલમ–૧૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.
સુધારેલી કલમ–૧૫ વિધેયકનો ભાગ બની.

**કલમ–૧૬ ઉપરનો સુધારો**

મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ કલમ–૧૬ ઉપરનો તેમનો સુધારા ક્રમાંક–૬ રજૂ કર્યો.
ત્યારબાદ સુધારા ક્રમાંક–૬ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.
ત્યારબાદ સુધારેલી કલમ–૧૬ મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.
સુધારેલી કલમ–૧૬ વિધેયકનો ભાગ બની.
કલમ–૧૭ થી ૫૫, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.
કલમ–૧૭ થી ૫૫, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**૧૪. છેલ્લા દિવસનો પ્રસ્તાવ(નિયમ–૧૦૨)**

સભ્યશ્રી પ્રવિણભાઇ મુસડીયાએ રાજ્યમાં વિવિધ ભરતી પરીક્ષાઓમાં ગેરરીતિઓ, મોંઘા શિક્ષણ અને ટ્યુશન ક્લાસમાં ઉંચી ફી સંદર્ભે ચર્ચા વિચારણા કરવા બાબતનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી પરેશ ધાનાણી (વિરોધપક્ષના નેતાશ્રી)
(૨) શ્રી પૂર્ણેશ મોદી
(૩) શ્રી રાકેશભાઇ શાહ
(૪) શ્રી હિંમતસિંહ પટેલ
(૫) શ્રી હર્ષ સંઘવી
(૬) શ્રી રઘુભાઇ દેસાઇ
(૭) શ્રી પ્રદિપસિંહ જાડેજા(રા.ક.ગૃહમંત્રીશ્રી)

પ્રસ્તાવને ફાળવેલ સમય પૂરો થતાં ચર્ચા પૂરી થઇ.

**૧૫. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો(નિયમ–૮૭–ક)**

સચિવશ્રીએ, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૮૭(ક) અન્વયે ૧૭૮ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

**૧૬. સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખવા અંગે**

માનનીય અધ્યક્ષશ્રીએ રાત્રીના ૯.૩૨ કલાકે વિધાનસભાના નિયમોના નિયમ ૯(૧) અન્વયે સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખી.

ત્યારબાદ ''વંદેમાતરમ્'' રાષ્ટ્રીય ગીતની ધૂન બજાવવામાં આવી.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૧૧મી ડિસેમ્બર, ૨૦૧૯**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**